મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૧૮ ટકા
ગાંધીનગર તાપમાન

સેકટર-૧૯ જીમખાનામાં સ્વીમીંગ હરિફાઈ યોજાઈ

ગાંધીનગર ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એકવેટીક એસોસિએશન દ્વારા આજે અન્ડર-૧૯ કેટેગરીની જિલ્લા કક્ષાની તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને અત્યંત પ્રોત્સાહક પ્રતિસાદ મળતા પહેલીવાર ૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. જેમાંથી વિવિધ તરણ સ્ટાઈલ મુજબ ૨૦ સ્પર્ધકોને વિજેતા જાહેર કરાયા હતા. આ તમામ સ્પર્ધકો આગામી દિવસોમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ સમગ્ર સ્પર્ધાનું સફળ આયોજન કરવા ડિસ્ટ્રીકટ એકવેટીક એસોસિએશનના પ્રમુખ વિપુલભાઈ પટેલ, ઉપપ્રમુખ રાકેશ ભટ્ટ, સેક્રેટરી આનંદ ગુરૂબક્ષ સહિત સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર સ્પર્ધા ગાંધીનગરના સેકટર-૧૯ ખાતેના જીમખાનાના સ્વીમીંગ પુલમાં યોજવામાં આવી હતી.

આજે મેડીકલ કોલેજની એન્ટી રેગીંગ કમિટીની બેઠક મળશે

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજમાં તા.૧૪ મે ને સોમવારના રોજ એન્ટી રેગીંગ કમિટીની બેઠક મળવાની છે. આ બેઠક આગામી સમયમાં તબિબિ વિદ્યાર્થીઓની નવી બેચ શરુ થશે. તેમજ કમિટી દ્વારા કોલેજ અને હોસ્ટેલમાં સલામતી અને સુરક્ષાની સમીક્ષા કરવામાં આવશે.

શિક્ષણની દષ્ટિએ સૌથી ઉચ્ચ શિક્ષણ જયાં આપવામાં આવે છે તે મેડીકલ કોલેજમાં હાઈ એજ્યુકેશનની સાથે સાથે રેગીંગ જેવું દુષણ પણ હોય છે. જેને પગલે ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા ડીનની અધ્યક્ષતામાં ખાસ એન્ટી રેગીંગ કમીટી પણ બનાવવામાં આવી છે. જેમાં તમામ વિભાગના એચ.ઓ.ડી. સ્થાનિક પોલીસ ઈન્સ્પેકટર, પત્રકાર, સમાજ સેવક, સહિત વિદ્યાર્થી સંગઠનના પ્રતિનિધીને પણ સ્થાન આપવામાં આવ્યું છે. ત્યારે આ કમિટીની આગામી બેઠક તા. ૧૪ મે ને સોમવારના રોજ મળવાની છે. જેમાં આગામી દિવસે શરુ થતા નવા શૈક્ષણિક સત્ર પૂર્વે એન્ટી રેંગીગ એટમોસફીયર કેવી રીતે ઉભુ કરવામાં આવે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

આ ઉપરાંત સિનિયર વિદ્યાર્થીઓ અને જુનિયર એટલે કે નવા એડમીશન મેળવનાર વિદ્યાર્થીઓ વચ્ચે અંતર રહે જેથી રેંગીગની શકયતા ન રહે તે માટે કોલેજ ઉપરાંત હોસ્ટેલ બિલ્ડીંગમાં પણ ખાસ આયોજન કરવામાં આવશે. એટલું જ નહી કોલેજ તથા હોસ્ટેલ બિલ્ડીંગની સુરક્ષા વ્યવસ્થા પણ સમીક્ષા કરવામાં આવશે. જેમાં તમામ વિભાગોમાં સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ દિવસ રાત થાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગ મેડીકલ કોલેજમાં ત્રણ વર્ષ અગાઉ રેંગીગનો બનાવ બન્યો હતો.

શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી આપઘાત કરનાર ચરેડીની મુસ્લિમ મહિલાના પતિ વિરૂધ્ધ ફરિયાદ

ગત ૨૫મી એપ્રિલે મહિલાએ પોતાના શરીરે કેરોસીન છાંટી આગ લગાવી લીધી હતી જેનું બે દિવસ બાદ મોત થયું હતું : પોલીસે આરોપી પતિ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી તેને જેલ હવાલે કર્યો

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૨૮ સ્થિત ચરેડી છાપરામાં રહેતી ત્રણ સંતાનની માતાએ પતિના ત્રાસથી કંટાળી પોતાને આગને હવાલે કરી હતી જેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ મામલે સે-૨૧ પોલીસે મૃતક મહિલાના ભાઈની ફરિયાદને આધારે મહિલાના પતિ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ૨૦ વર્ષ અગાઉ મૂળ માંડલની મુસ્લિમ મહિલા સફરોજબાનુના લગ્ન અબ્દુલકાદર મહંમદશાહ દિવાન સાથે થયા હતા. આ લગ્ન જીવન દરમિયાન દંપતિને બે દિકરી અને એક દિકરો છે. આ મુસ્લિમ મહિલા પોતાના પરિવાર સાથે ગાંધીનગર સેકટર-૨૮ના ચરેડી છાપરા ખાતે રહેતી હતી. મુસ્લિમ મહિલા સફરોજબાનુને છેલ્લા ઘણા સમયથી તેના પતિ વારંવાર શારિરીક અને માનસિક ત્રાસ આપી રહ્યા હતા. વારંવારના ત્રાસથી કંટાળી મહિલાએ ગત ૨૫મી એપ્રિલના રોજ પોતાના જ ઘરમાં પોતાની જાતે શરીર પર કેરોસીન છાંટી આગ ચાંપી દીધી હતી જેથી મહિલા શરીરે ગંભીર રીતે દાઝી જતા તેને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં બે દિવસ બાદ તેણીનું મોત નિપજયું હતું. આ મામલે ગત રોજ અંતિમ વિધિ બાદ મૃતક મહિલાના ભાઈએ મહિલાના પતિ વિરૂધ્ધ સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી. આથી પોલીસે મૃતક મહિલાના પતિ વિરૂદ્ધ કલમ ૩૦૬ મુજબ ગુનો નોંધી તેને જેલ હવાલે કર્યો હતો.

સમગ્ર વિશ્વમાં તા. ૧૨ મે ને નર્સિંગ ડે તરીકે ઉજવાય છે. ત્યારે સમગ્ર વિશ્વમાં નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવતા કર્મચારીઓ આ ડેની વિવિધ રીતે ઉજવણી કરતા હોય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ દ્વારા આ દિવસની વિશેષ રીતે ઉજવણી કરાઈ હતી. જેમાં બ્લડ ડોનેશન કેમ્પ, પ્રશ્નોતરી સ્પર્ધા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં જીએમઈઆરએસના નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

સે-૨૮ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે મધર્સ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૨૮ ખાતે બ્રહ્માકુમારીઝના શિવશકિત ભવનસેવા કેન્દ્ર ખાતે આજે મધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. અનોખી રીતે ઉજવવામાં આવેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં સ્પોર્ટસ જર્નાલિઝમ તથા માસ કોમ્યુનિકેશન ના સહઅધ્યાપિકા સ્મિત પાઢીને સન્માનવામાં આવ્યા હતા.

સ્મિત પાઢીએ તાજેતરમાં 'રોલ ઓફ ઈન્ટરનેટ ઈન પ્રમોટીંગ મિડિયા' વિષયે પીએચડીની ડિગ્રી હાંસલ કરી છે જેના પગલે તેમનું બ્રહ્માકુમારીઝના સંચાલિકા કૈલાશદીદીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે તેમના જીવનસાથી સૌરભકુમાર જેઓ માસ્ટર ઓફ ઈલેકટ્રોનિકસ સાથે એસ્ટ્રોલોજર છે તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ યુગલને કૈલાશદીદીએ પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી હતી તેમજ આશીર્વચન પાઠવ્યા હતા. આ સાથે યુગલને માઉન્ટ આબુ ખાતેના બ્રહ્માકુમારીઝ હેડકવાર્ટર જ્ઞાનસરોવરમાં યોજાનાર આઈ.ટી.વીંગની કોન્ફરન્સ માટે પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સર્જન ડૉ. દક્ષાબેન પુજારાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

દિકરીઓને ભણાવવાનું તેમના પિતાનું સપનું હું પૂર્ણ કરીશ

બીજી દિકરીના જન્મ પૂર્વે જ વૈધવ્યને પામનાર માતાએ બંને દિકરીઓને ઉછેરી ઉચ્ચ અભ્યાસ અપાવ્યો : બંને દિકરીઓએ પણ અભ્યાસમાં તેજસ્વીતા દાખવી માતાના સંઘર્ષને યથાર્થ બનાવી 'મધર્સ ડે'ની ઉજવણી સાર્થક કરી

ગાંધીનગર, તા.૧૩

જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...!! આજે 'મધર્સ ડે' ઉજવાઈ રહ્યો છે અને ભલે આપણી ઉજવણીઓ અંગ્રેજી થઈ ગઈ હોય પણ આપણી માતૃભાષાની જોડ પણ કયાંય જડે તેવી નથી જેમાં કવિ દામોદર બોટાદકરે આટલી સુંદર પંકતિઓ રચી છે. આજે કયાંય પણ જયારે માતૃપ્રેમની વાત આવે છે ત્યારે દરેક ગુજરાતીને આ પંકિત યાદ આવ્યા વિના રહેતી નથી. એનું કારણ જેટલી મીઠાશ અને સન્માન આ પંકિતઓમાં છે તેનાથી અનેકગણી મીઠાશ અને વાત્સલ્ય માતાના સ્નેહમાં છે સાડીના પાતળા કાપડના પાલવથી સંતાનને તડકાથી બચાવવા સૂરજને હંફાવતી માતાના ખોળા જેટલી સલામત જગ્યા આ વિશ્વમાં બીજી કોઈ નથી. આવી માતા જયારે પોતાના સંતાનોના ભવિષ્ય માટે ત્યાગમૂર્તિ બને ત્યારે તે સંતાન સફળ ના થાય તે શકય જ નથી. આવું જ ઉદાહરણ ગાંધીનગરના લતાબેને પુરું પાડયું છે. જેમણે પોતાની બે દિકરીઓને ઉચ્ચ અભ્યાસ પુરો પાડવાનું સ્વર્ગસ્થ પતિનું સ્વપ્ન પુરું કરવા જીંદગી ઘસી નાંખી છે.

મેહસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ગેરિતા કોલવડા ગામના બ્રાહ્મણ મોરલીધર જાની બેંકમાં કલાર્ક હતા અને પત્ની જયાબેનની નોકરી લોદરા ખાતે સરકારી શિક્ષિકા તરીકેની હોવાથી લોદરા રહેતા હતા. તેમના સંતાનોમાં બે દિકરા અને એક દિકરી જેનું નામ લતાબેન હતું. લતાબેન જયારે કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા હતા ત્યારે મૂળ પેથાપુરના પરંતુ ગાંધીનગરના સેકટર-૨૯માં રહેતા ધવલભાઈ ભટ્ટ સાથે થયા હતા. લગ્ન પછી બીએ પુરું કર્યા બાદ લતાબેને કુવાદરા ખાતે મધ્યાહન ભોજન યોજનામાં છ માસ જેટલું કામ કર્યું હતું. ધવલભાઈએ સિવિલ ડ્રાફટસમેન કર્યું હતું અને ખાનગી કંપનીમાં કાર્યરત હતા. આ દંપતિના પહેલા ખોળે ૧૯૯૫માં એક દિકરી અવતરી હતી જેનું નામ 'વિધિ'. આ પછી લાતબેન જયારે ફરી ગર્ભવતી હતા ત્યારે ૧૯૯૭માં અચાનક ધવલભાઈનું અકસ્માતે અવસાન થવા પામ્યું અને લતાબેન પર જાણે વિજળી તુટી પડી હતી. અણધાર્યા આ આઘાતને પચાવ્યા વિના છુટકો નહોતો કારણ કે પેટમાં પાંચ માસનું સંતાન હતું. આ સમયે પરિવારના દરેકને અપેક્ષા હતી કે દિકરો અવતરે તો સારું પણ લતાબેને મનથી જ નક્કી કર્યું હતું કે દિકરો આવે કે દિકરી, મારા સંતાનોને હું તેમના પિતાની ખોટ સાલવા નહીં દઉં. બીજા સંતાનમાં પણ દિકરી જન્મી અને તેનું નામ રખાયું 'અંજલિ'. અંજલિના જન્મ સાથે જ એક દંપતિ દત્તક લેવા તૈયાર હતું પરંતુ લતાબેને પોતાની બંને દિકરીઓને જાતે ઉછેરવાનો નિર્ધાર કર્યો હતો.



અંજલિના જન્મના બરાબર સવા માસે લતાબેનને ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય મંડળની લોદરિયા હોસ્ટેલમાં રેકટર તરીકે નોકરી મળી અને લતાબેને આ તક ગુમાવવાને બદલે અંજલિને પોતાના માતા-પિતા તથા ભાઈ-ભાભીને હવાલે કરી વિધિ સાથે હોસ્ટેલમાં રહેવા આવી ગયા કારણ કે આ નોકરી નિવાસી રેકટર તરીકેની હતી.

હોસ્ટેલ વિદ્યાર્થીનીઓ માટે હોવાથી તેમાં રહેતી ૫૦થી વધુ દિકરીઓ સાથે પોતાની મોટી દિકરીની સંભાળ રાખવા ઉપરાંત લતાબેન સમાજના દરેક સારા-માઠા પ્રસંગમાં થોડીક મિનિટો માટે વગર ચુકે હાજરી આપતા. નાની દિકરી તો તેના મામા-મામી સાથે રહી ભણતી હતી પરંતુ મોટી દિકરીના અભ્યાસ માટે અડધી ફીનો ટેકો તેમને લોદરાના મંદિરના ગુરુજી જેમની પાસે અનેક દાતાઓ જરૂરિયાતમંદ દિકરીઓને ભણાવવા જે દાન આપી જતા હતા તેમાંથી મળી રહેતો હતો. વિધિએ અભ્યાસ સાથે કથ્થક નૃત્યમાં પણ પાંચ વર્ષ તાલીમ મેળવી અને ભણવામાં એટલી હોંશિયાર કે ધોરણ-૧૦માં ડિસ્ટીંકશન તથા ધો-૧૨માં ફર્સ્ટકલાસ સાથે પાસ થઈ. ધો-૧૨માં બોર્ડની પરીક્ષામાં તેનો નંબર દૂરની સ્કૂલમાં આવતા લતાબેન તેને પરીક્ષા શરુ થાય તે પહેલા રીક્ષામાં મુકી પરત હોસ્ટેલ પર આવે અને બપોરની રિશેષમાં ફરી રીક્ષા કરી લેવા જાય. અંજલિએ પણ ધો-૧૦ અને ધો-૧૨માં ફર્સ્ટ કલાસ મેળવ્યો હતો અને બંને બહેનોએ સાયન્સ લઈ બીએસસી કર્યું. વિધિએ એમએસસીમાં કોલેજમાં દ્વિતીય સ્થાન અને પોતાના સમાજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું ત્યારે સમાજે તેનું સન્માન કર્યું હતું. પરંતુ આ સમારંભમાં લતાબેન હોસ્ટેલની નોકરીના કારણે હાજર ના રહી શકયા. આવું ફરીવાર પણ બન્યું જયારે વિધિએ માસ્ટર ડિગ્રી મેળવી ત્યારે તેના પદવીદાન સમારંભમાં પણ લતાબેન હાજર રહી ના શકયા. પોતાની નોકરી માટે પણ એટલા જ પ્રતિબધ્ધ લતાબેનને હોસ્ટેલમાં રહેવા માટે સંસ્થાએ વ્યવસ્થા પુરી પાડી હતી પરંતુ તેમણે પોતાના પરિવારનું ભોજન બિલ હંમેશા ચુકવ્યું છે. પોતાના ભાભીને કેન્સરનું નિદાન થતાં અમદાવાદ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી ત્યાં લતાબેન દિવસે હાજરી આપી રાત્રે હોસ્ટેલ પર પરત દિકરી પાસે આવી જતા. બંને દિકરીઓનો જન્મદિવસ તેઓ ખૂબ હોંશથી ઉજવતા અને પતિની પુણ્યતિથી પર આંગણવાડીના તથા બાલમંદિરના બાળકોને અચૂક જમાડતા. એકવાર વિધિની બર્થ ડે પર અંજલિ ખૂબ બિમાર હતી તેને સારવાર અપાવી રાત્રે અઢી વાગે સ્કૂટર પર ઘરે પરત આવ્યા હતા ત્યારે તેમણે વિધિની બર્થ ડે હોસ્પિટલમાં પણ ઉજવી હતી.

વિધિ અને અંજલિ પણ માતાનો જન્મદિવસ તેમજ મધર્સ ડે અચૂક ઉજવતા અને વરસ દરમિયાન પોતાના સગાઓ તરફથી આશીર્વાદરૂપે મળેલા પૈસા સાચવી તેમાંથી માતા માટે ગીફટ લાવી સરપ્રાઈઝ પણ આપતા. આજે લતાબેનના અથાગ જીવનસંઘર્ષને કારણે તેમણે પોતાનું ઘર પણ ખરીદ્યું છે અને બંને દિકરીઓ પિતાના સ્વપ્ન મુજબ ઉચ્ચ અભ્યાસ કરી રહી છે. વિધિ હાલ સાયન્ટિસ્ટ બનવાના સપના સાથે ગાંધીનગરની એક ખ્યાતનામ સંસ્થામાં પીએચડી કરી રહી છે જયારે અંજલિને ફાર્માસિસ્ટ બનવું છે અને તેનો ફાર્મસીનો અભ્યાસ ચાલુ છે. છેલ્લા મધર્સ ડે વખતે બંને દિકરીએ માતાને સ્માર્ટ મોબાઈલ ફોનની ભેટ આપી હતી અને આજે ફરી મધર્સ ડે ઉજવવાના છે. વિશ્વની તમામ ભાષાઓમાં 'મા' માટે જે લખાયું છે તેટલું કદાચ અન્ય માટે નથી લખાયું તેનું કારણ લતાબેન જેવી તમામ માતાઓના કારણે જ લખાયું હશે અને એટલે જ યથાર્થ છે કે 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...!!'

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

વાતવાતમાં

● મધર્સ ડેનું સેલિબ્રેશન ગાંધીનગરમાં સોશ્યલ મિડીયા પર મોટા પ્રમાણમાં જોવા મળ્યું હતું. જેમાં નેટીઝન્સે પોતાની માતા સાથેના પિકચર્સ શેર કર્યા હતા. જો કે આ સાથે સોશ્યલ મિડિયા પર મધર્સ ડેના સેલિબ્રેશન અંગે ચર્ચાઓ પણ ચાલી હતી. જેમાં વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને 'મધર્સ ડે પર માતા સાથે સેલ્ફી લેવાની અને અધર્સ ડેમાં ભુલી જવાની નીતિ' પર પ્રહારો થતા જોવા મળ્યા હતા.

● શહેરમાં કેરીના રસિયાઓ સારી કેરી કયાં અને કેટલા ભાવે મળશે તે માટે ચિંતિત બન્યા છે. આ કેરીના રસિયાઓ એકબીજાને ફોન કરી સારી ગુણવત્તા સાથે વ્યાજબી ભાવની કરી મેળવવા સતત પુછપરછ કરતા જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર પોલીસની રોડ સેફટી માટે જરૂરી સુચના

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં દિન પ્રતિદિન માર્ગ અકસ્માતના કિસ્સાઓ ગંભીર બની રહ્યા છે. માર્ગ અકસ્માતમાં સંખ્યાબંધ નિર્દોશ નાગરિકો મોતનો ભોગ બની રહ્યા છે. સમાજમાં ચિંતાજનક રીતે અકસ્માતના કિસ્સાને ઘટાડવા અને વાહનચાલકોને યોગ્ય દિશા સૂચન કરવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસે વાહનચાલકો અને નાગરિકો માટે વાહન ચલાવતી વખતે 'આટલું નહીં કરો' અને 'આટલું અવશ્ય કરો' તે અંતર્ગત નિયમો બનાવી રોડ સેફટી માટે જરૂરી સુચનાઓ સાર્વજનિક કરી છે અને વાહનચાલકો જાતે જ ટ્રાફિકના નિયમોનું પાલન કરે તેવી અપીલ કરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ તરફથી નાગરિકોની રોડ સેફટી માટે વાહનચાલકોએ હેલમેટ વગર ટુ વ્હીલર કે સીટ બેલ્ટ વગર કાર નહી ચલાવવી, ચાલુ વાહન પર મોબાઈલનો ઉપયોગ ટાળવો, ફોન સાથે વાહન ચલાવવું ઘાતકી સાબિત થઈ શકે છે, રોંગ સાઈડમાં વાહન ન હંકારવું, જયારે વાહન ચલાવતી વખતે ડ્રાઈવીંગ લાયન્સ તથા દસ્તાવેજો સાથે રાખવા, નિયત પાર્કિંગમાં જ વાહન પાર્ક કરવું, નિયત ગતિ મર્યાદામાં વાહન ચલાવવું, આટલું અવશ્ય કરો તેવી જરુરી સૂચના સાર્વજનિક કરી નાગરિકો જાતે જ નિયમોનું પાલન કરે તેવી અપીલ કરી છે.

ગાંધીનગર નિવાસી વણકર સમાજની પ્રતિભાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા વણકર સમાજની પ્રતિભાશાળી વ્યકિતઓનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સન્માન કાર્યક્રમને અનુલક્ષી સમાજ માટે વિશિષ્ટ પ્રદાન કરનાર વણકર સમાજના બંધુ-ભગિનીએ પોતાની સંપૂર્ણ વિગતો પ્લોટ નં. ૧૫૬૭/૨, સેકટર-૨-સી ખાતે ૨૦મી મે ૨૦૧૮ સુધીમાં જમા કરાવવાની રહેશે. નિયત સમય બાદની વિગતોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ જેની નોંધ સમાજના નાગરિકોએ લેવી તેમ નિમેષ વાઘેલાએ જણાવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. બચુજી ભવાનજી બિહોલા, ઉ.વ. ૫૬
- સ્વ. સંગીતા જેસીંગભાઈ ગોડકીયા, ઉ.વ. ૨૪
- સ્વ. સુરજબેન ચમનજી ઠાકોર, ઉ.વ. ૬૭
- સ્વ. ભાવસાર વસુમતીબેન કે., ઉ.વ. ૮૫